

# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. આ માટે, સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી કાર્ય કરે છે.

એક બાળકથી શરૂઆત થતા આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયો સુધી વિસ્તર્યો છે

**June 2024 | Issue No. 55 | A monthly newsletter**

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન દ્વારા સમાવેશી સમુદાય માટેની થતી પ્રક્રિયાઓને અહી રજુ કરી છે. જેમાં બાળકો તથા સમુદાય સાથેના સમૃદ્ધ અનુભવનો પણ આપ અહેસાસ કરી શકશો.
અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## બદલાવ માટેની ઉઘડતી બારી

જયારે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકના વિકાસની વાત કરીએ છીએ ત્યારે પ્રભાત સાથે તેના પરિવારના સભ્યો પણ જયારે ખભે ખભા મિલાવીને કાર્ય કરે છે ત્યારે તેનું પરિણામ બાળકમાં આવેલ હકારાત્મક પરિણામ સ્વરૂપે જોઈ શકાય છે. આ જ પરિણામ દેખાય છે, કાંકરિયા શાળા નંબર ૪ના રિસોર્સ રૂમમાં આવતા સાગરના જીવનમાં. ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતો સાગર. બૌધિક અક્ષમતા સાથે સ્પીચની મુશ્કેલી ધરાવે છે. તેની આંખે પણ મોતિયો હતો તેથી તેની પણ સર્જરી કરાવી પડી. અને આંખે દેખાવવા લાગ્યું. પણ તેની આંખ ત્રાંસી રહી ગઈ. આ પરિસ્થિતિ સાથે સાગરનું કાંકરિયા શાળા નંબર -૪ (રિસોર્સ રૂમ)માં તેનું એડમીશન થયું.



શરૂઆતમાં સાગર અન્ય બાળકો સાથે મિક્સ થતો ન હતો. અને તેથી જ તે તેના મમ્મી સાથે જ તે રિસોર રૂમ માં રહેતો. પણ નિયમિતતા અને ધીરે ધીરે સ્પેશીયલ એજયુકેટર દ્વારા કરવામાં આવેલ પ્રવૃતિઓથી વાતાવરણથી પરિચિત થયો. અને હવે તેની મમ્મી વગર પણ કલાસમાં બેસીને દરેક પ્રવૃતિઓ કરે છે. ખાસ કરીને તેની સાથે, પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે પ્રી રાઈટીંગ, કોમ્યુનિકેશન, ફ્લેશકાર્ડ, પિક્ચર રીડીંગ, મોટર સ્કીલ વગેરે ને લઈને પ્રવૃતિઓ કરાવવામાં આવી. સાથે સ્પીચ થેરાપી, ફીઝીયો થેરાપી પણ નિષ્ણાંત દ્વારા કરવામાં આવતા હતા. આ પ્રયાસો ની સાથે માતા ની પણ તાલીમ કરવામાં આવી જેથી જે પ્રવૃત્તિ રિસોર્સ રૂમ માં કરવામાં આવે તેનું પુનરાવર્તન ઘરે પણ કરાવી શકાય. આ સાથે તેની માતાને સરકારી યોજના ની માહિતી આપવામાં આવી. સાથે પ્રભાત ની ટીમ દ્વારા સંકલન કરીને તેના મેડીકલ સર્ટિફિકેટ, સ્ટેટ ટ્રાન્સપોર્ટ અને રેલ્વે પાસ, પેન્શન યોજના નો લાભ મળેલ છે.

આમ, ટીમ અને માતા બનેના પ્રયાસો બાદ, આજે સાગરને કોઈ પણ પ્રવૃત્તિને શાબ્દિક સુચનાથી કરાવી શકાય છે. તેની આંખમાં પણ ઘણો સુધારો થયો છે. સાથે સ્પીચમાં પણ હવે તે નાના શબ્દો બોલી શકે છે. આ આવેલ બદલાવ ને લીધે તેની માતા અને પરિવારના સભ્યો ખુબ જ ખુશ છે. જે હવે તેને ભવિષ્યમાં આશા જન્માવી છે. સાથે પોતાના પ્રયાસોથી હકારાત્મક પરિણામ મળતાં ટીમ પોતાના કાર્ય માટે નવી ઉર્જા મળી છે. અને આ જ ઉર્જા તેમને આગળ ના કાર્ય પર વધારે કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરતી હોય છે.

## કાર્યક્રમની ઝલક







**બાળકોના સર્વાંગી વિકાસ માટેની તૈયારી** : વર્ષની શરૂઆતમાં જ બાળકના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને તેનું વાર્ષિક આયોજન બનાવવામાં આવે છે. જેના ભાગરૂપે વિવિધ નિષ્ણાંતો દ્વારા બાળકનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. સાઈકોલોજી-50 , સ્પીચ- 37 અને ફીઝીયો -29 બાળકોનું એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. આ મૂલ્યાંકનની પ્રક્રિયા પ્રભાતના દરેક સેન્ટર પર કરવામાં આવી હતી. જેના આધારે બાળકનું વાર્ષિક આયોજન થઈને બાળક સાથે પ્રક્રિયા કરવામાં આવશે.

**મુખ્યધારામાં પ્રવેશ** : અર્લી ઇન્ટરવેન્શનના ભાગરૂપે જયારે બાળકોમાં પ્રગતિ જોવા મળે છે ત્યારે તેમને આંગણવાડીમાં પ્રવેશ આપવાની પ્રક્રિયા થાય છે જેથી મુખ્યધારામાં તેનો સમાવેશ થઇ શકે.આ અન્વયે વટવા સેન્ટર ના અલીશા અને વંશીકાનું પ્રવેશ કરાવવામાં આવ્યું છે.

## હિમાયત (એડવોકસી ):



**નેટવર્કિંગ :** પ્રભાતની સાથે સમાવેશી સમુદાયની સફરમાં ચાલવા માટે તેની સાથે સમુદાય, સંગઠનો અને યુનિવર્સીટી પણ સાથે રહે છે. જેના ભાગરૂપે, CEPT યુનિવર્સિટી પણ અમુકના વિદ્યાર્થીઓએ હાટકેશ્વર ખાતેના નવા કેન્દ્રની મુલાકાત લીધી અને દિવાલની લઘુચિત્ર પ્રતિકૃતિઓ તરીકે બ્લોક્સના સેટને ડિઝાઇન કરીને નવીન પરિપ્રેક્ષ્ય સાથે મિશનને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું. અમદાવાદના હેરિટેજ સ્થળો, પ્રભાતમાં બાળકોને શહેરની સમૃદ્ધ શાસ્ત્રીય કલાનો પરિચય કરાવે છે. વધુમાં, બ્લોક પ્રિન્ટિંગ અને પેઇન્ટિંગ શીખવવા, સર્જનાત્મકતા અને ઉત્તમ મોટર કુશળતાને પ્રોત્સાહન આ પવા માટે તેનો ઉપયોગ કરવો.

**અનંત યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ દ્વારા વધુ એક નવી દસ્તાવેજીકરણ ફિલ્મની શરૂઆત:** અનંત યુનિવર્સીટી સાથે થયલે એમઓયુના ભાગરૂપે, વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકો માટે બાળપણના વિકાસના વિવિધ પાસાઓની શોધ કરવાના હેતુથી બે વિડિયો શૂટ કરવાનું શરૂ કર્યું છે. એક વિડિયો પિતાઓની ભૂમિકા પર સંશોધનની તપાસ કરશે, જ્યારે અન્ય આસપાસના ઇકોસિસ્ટમ પર વ્યાપક અસરનું પરીક્ષણ કરશે. આ ચોક્કસ દસ્તાવેજીકરણ ફિલ્મ વિદ્યાર્થીઓ માટે તો ઉપયોગી બનશે સાથે સમુદાય સ્તરે પણ જાગૃતિ લાવવાનું કાર્ય કરશે.



**ઇન્ટર્નશીપ :** એલ.જે. યુનિવર્સિટીના કાયદાના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ અને અન્યા પારેખ, ફ્લેમ યુનિવર્સિટી (પુણે) એ પ્રભાત ખાતે એક મહિનાની ઇન્ટર્નશિપ દ્વારા શૈક્ષણિક સામગ્રી, શિબિર પ્રવૃત્તિઓ અને દૈનિક કામગીરીમાં મદદ કરીને વ્યવહારુ અનુભવ મેળવ્યો. આ એક્સપોઝર ખાસ જરૂરિયાતો ધરાવતા સમુદાયને મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. નિરમા યુનિવર્સિટીના તનુજ જૈને અન્ય સંસ્થાઓને બડી ઇન્ટરેક્શન કેવી રીતે પ્રસ્તાવિત કરી શકાય તેના પર સંશોધન કર્યું અને સામગ્રી તૈયાર કરી.

**લીંકવર્કર સાથે બેઠક** : સમાવેશી સમુદાયની પરિકલ્પનામાં પ્રભાત દરેક હિતધારકો સાથે ઊંડાણપૂર્વક કાર્ય કરવામાં આવે છે. જેથી તેમના કાર્યમાં સમાવેશી અભિગમ આવી શકે. આ માટે જ સમયાંતરે તેમની સાથે ક્ષમતાવર્ધન કરવામાં આવે છે. આ અન્વયે ખોડીયાર નગરના PHC પર 20 લીંક વર્કર સાથે બેઠક કરવામાં આવી હતી.

## મારી વાત



**વિશ્વ શક્યતાઓથી ભરેલું છે !** જયારે પણ પ્રભાત બાળકો સાથે કાર્ય કરે છે ત્યારે તેમની સિદ્ધિઓ પ્રભાતને પોતાના લક્ષ્ય તરફ આગળ લઇ જવા માટે એક ઉર્જા અને પ્રેરણા આપનારું બને છે. અને તેથી જ નાની હોય કે મોટી સિદ્ધિઓ પ્રભાત ટીમ માટે ખુબ જ મહત્વ ધરાવે છે. , ખેલ મહાકુંભ ના સંદર્ભમાં એવી જ સિદ્ધિ પ્રાપ્ત થઇ છે હિંમતનગરના સાબર સ્ટેડિયમ ખાતે આયોજિત રાજ્ય સ્તરીય ખેલ મહાકુંભ 2024માં બાસ્કેટબોલમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને સોફિયા મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તેની મહેનત, પ્રતિભાએ તેને અને તેના સમુદાયને ગૌરવ અપાવ્યું છે. બાળકોની આવી સિદ્ધિઓ માતાપિતા માટે આશા જન્માવનારી બને છે. એક ઘટના અનેક બાળકો માટે આશાના દરવાજા ખુલે છે. અને વિશ્વ શક્યતાઓથી ભરેલું છે એની ખાતરી મળે છે.

## ઘરોબો

**વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો માટે મેડીકલ કેમ્પનું આયોજન:** પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં કે.ડી. ફાઉન્ડેશનના ' પંખ' કાર્યક્રમ અન્વયે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 50 જેટલા બાળકોની બાળકોનું ફૂલ બોડી ચેકઅપ અને નિદાન થયું હતું.

આજના સમયમાં મેડીકલ ખર્ચ આર્થિક નબળી સ્થિતિ ધરાવતા પરિવારો માટે મુશ્કેલ બની ગયું છે. ત્યારે બાળકોના નિષ્ણાંત દ્વારા નિદાન થવાથી વાલીને સંતોષની લાગણી થઇ હતી. અહી વાલીઓ એ કહ્યું હતું કે, અમે સ્પેશીયલ ડોક્ટર પાસે જઈએ ત્યારે પૈસા ખુબ હોય છે જે અમારી પહોંચમાં નથી હોતા. જયારે સરકારી હોસ્પિટલમાં જઈએ તો સમય ખુબ જાય છે. ત્યારે પ્રભાત દ્વારા જે આ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તેનાથી અમારો સમય અને પૈસા બંને બચી જશે. ઉપરાંત, દરેક બાળક ચોક્કસ એક અથવા એક કરવા વધારે ડિસેબીલીટી ધરાવે છે. ત્યારે આવેલ ડો. અંકિત મોદી (પીડીયાટ્રીશયન) દ્વારા ડિસેબીલીટી સંદર્ભે પણ માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા. સાથે આ બાળકોનું પ્રથમ સ્તરનું સ્ક્રીનીંગ બાદ બીજા તબક્કામાં બાળકો સાથે મેડીકલી કે.ડી. હોસ્પિટલ સાથે આગળ વધવામાં આવશે.






**વાલી મીટીંગ** : વટવા ખાતે વિકલાંગ બાળકો માટે સારી વ્યક્તિગત સ્વચ્છતા જાળવવા, નિયમિત હાજરીના લાભો અને સમયની સુચકતા અને વિકલાંગતા પ્રમાણપત્રના  રીન્યુઅલની પ્રક્રિયા અંગેની ચર્ચા માટે વાલી મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું.

## સહાયક સેવાઓ :

આ મહીને મેડીકલ સર્ટિફિકેટ   - ૦૨,રેલ્વે પાસ – 2 (ઓનલાઈન), સ્ટેટ ટ્રાન્સપોટેશન પાસ – 03  (ઓનલાઈન)   પેન્શન યોજના  - 02  ના ફોર્મ ભરવામાં આવ્યા હતા.

સી.આર.સી. સાથે સંકલન કરીને ૬૦ વર્ષથી ઉપરના વૃદ્ધો માટે 07 લાભાર્થીને કાનના મશીન, કમરપટ્ટા અને ઘૂંટણના પટ્ટા આપવામાં આવેલ હતા.



## ઉજવણી







**Prabhat Education Foundation**
325,Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION